# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## સુરતના કાપડ ઉદ્યોગનો વિકાસ સાધવા હેતુ અત્યાધુનિક મશીનરીના અભ્યાસાર્થે ચેમ્બરનું પ્રતિનિધી મંડળ દક્ષિણ કોરિયાની મુલાકાતે

સુરત. સુરતના કાપડ ઉદ્યોગનો વિકાસ સાધવા માટે અત્યાધુનિક મશીનરીના અભ્યાસાર્થે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી હેતલ મહેતાના નેજા હેઠળ પાંચ જણાનું એક પ્રતિનિધી મંડળ મંગળવાર, તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ દક્ષિણ કોરીયાની મુલાકાતે રવાના થયુ છે. સુરતના મશીનરી ઉત્પાદકોએ આધુનિક ટેકનોલોજીવાળી મશીનોનું ઉત્પાદન કઈ રીતે લેવુ તેની પદ્ધતિસરની તાલીમ સાથેની માહિતી મેળવવા માટે સુરતનું પ્રતિનિધી મંડળ દક્ષિણ કોરિયામાં એક સપ્તાહ સુધી કોરિયાની અત્યાધુનિક ટેકનોલોજીનો અભ્યાસ કરશે.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, દક્ષિણ કોરિયાના કોત્રાં (કોરિયન ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી) સાથે મુલાકાત થઇ હતી. દક્ષિણ કોરિયા સુરતના ઉદ્યોગકારોને ઘરઆંગણે આધુનિક ટેક્ષ્ટાઇલ મશીનરીનું ઉત્પાદન લેવામાં ટેકનોલોજી આપે તો દ્વિપક્ષીય વેપારમાં વૃદ્ધિ શકય હોવાનું કોત્રાના પ્રતિનિધીઓને ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યુ હતુ. તેમની સાથે થયેલી વાતચીત બાદ કોરિયાની મુલાકાત ગોઠવવામાં આવી હતી. જેના ભાગરૂપે ચેમ્બરનું પ્રતિનિધિ મંડળ આજથી આગામી ૬ઠ્ઠી મે ૨૦૧૯ સુધી એક સપ્તાહ માટે દક્ષિણ કોરિયામાં ટેક્ષ્ટાઇલ મશીનરી ઉત્પાદકોના યુનિટોની મુલાકાત લેશે. જેમાં દેગુ તથા સિયોલ સ્થિત કોરિયાના ઉદ્યોગપતિઓ તથા એસોસિએશન સાથે વેપારી કરારો માટે પણ ચર્ચા વિચારણા થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત પરંપરાગત સ્પીનીગ અને વિવિંગ તથા નીટિંગ મશીનોને આધુનિક રૂપ કઈ રીતે આપવું તે વિશે પણ માહિતી મેળવશે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, કાપડ ઉદ્યોગના વિકાસ માટે મશીનરીમાં કોરિયાની ટેકનોલોજી ઉત્તમ હોવાનું મનાય છે. જીનીગ અને પ્રેસીગ મશીન, સિન્થેટીક ફિલામેન્ટ યાર્ન મશીન, વિવિંગ, પ્રોસેસિંગ મશીન, હોઝીયરી અને આરએમજી મશીન, ટેક્ષ્ટાઇલ ટેસ્ટીગ પાર્ટ્સ તેમજ હાઇટેક વોટરજેટ લૂમ્સ સહિતની મશીનરીનું ઉત્પાદન વધારવા માટે સુરતના ટેક્ષ્ટાઇલ મશીન ઉત્પાદકો દક્ષિણ કોરિયાની ટેકનોલોજીનો લાભ લઇ શકે છે.

આ સમગ્ર કાર્યક્રમ માટે કોત્રાના અમદાવાદ સ્થિત શ્રી કીમ મુન ડેલીગેશનની સાથે રહેશે અને વેપાર – ઉદ્યોગના સંકલન માટે તેમજ ચેમ્બર દ્વારા આયોજિત પ્રદર્શન 'ઉદ્યોગ – ૨૦૨૦'માં ભાગ લે તેના પ્રયાસો કરશે. એક ઉચ્ચસ્તરીય વેપારી ડેલીગેશન દક્ષિણ કોરિયાથી સુરત આવે તેવું આયોજન પણ તેમના દ્વારા કરવામાં આવશે.